**વંચાણે લીધા :**

**૧.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૧/૨૦૧૯, તા.૨૭/૫/૨૦૧૯ તથા

**૨.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૬/૨૦૧૯, તા.૧૧/૭/૨૦૧૯ તથા

**૩.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૨૭/૨૦૨૧, તા.૧૮/૧૨/૨૦૨૧

**૪.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૨૦/૨૦૨૨, તા.૭/૭/૨૦૨૨ અન્વયે.

## જાહેરનામું

## પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૫૨ /૨૦૨૨, તા.૨૬ /૧૨/૨૦૨૨

હું, સંજય શ્રીવાસ્તવ,I.P.S., પોલીસ કમિશનર, અમદાવાદ શહેર,મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) (ઇ) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં જાહેરમાં રખડતાં ઢોરના કારણે થતા માર્ગ અકસ્માતો અટકાવવા તેમજ રાહદારી અને વાહન સાથે મુસાફરી કરતાં નાગરીકોને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેર વિસ્તારમાં જાહેરમાં રખડતા ઢોરનો ઉપદ્રવ છેલ્લા કેટલાંક સમયથી વધી ગયેલ છે. તેમજ ભુતકાળમાં આ પ્રકારે રખડતા ઢોરને કારણે માર્ગ અકસ્માતમાં વ્યક્તિઓના મૃત્યુ પણ થયેલ છે. આ પ્રકારે રખડતા ઢોરોને કારણે આમપ્રજામાં ત્રાસ અને ભયનું વાતાવરણ ઉત્પન્ન થયેલ છે. જેથી આ પ્રકારના ભય અને ત્રાસને દુર કરવા અને રખડતા ઢોરોની પ્રવૃત્તિને કાબુમાં લઇ માર્ગ અકસ્માત નિવારવા અત્યંત જરૂરી બાબત બની ગયેલ છે. તેમજ શહેરમાં જાહેર જગ્યાઓએ પશુત્રાસ પ્રશ્નના નિવારણ તથા અટકાવનું કાયમી નિરાકરણ લાવવું પણ જરૂરી છે.

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં વસવાટ કરતા તમામ ઢોરોના (ગાય,ભેસ વિગેરે ઢોર) માલિક, ગોપાલકોએ દિન-૬૦ માં પોતાની માલિકાના તમામ ઢોરોને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી લગાડવામાં આવનાર ટેપ તથા ચીપ લગાવડાવી તેના દ્વારા પોતાના ઢોરોનું રજીસ્ટ્રેશન ફરજીયાત પણે કરાવી લેવા તેમજ ટેગ તથા ચીપ લગાડેલ ઢોરની માલિકી બદલાય એટલે કે, આવા રજીસ્ટ્રેશન કરાવેલ ઢોરના જો માલિક દ્વારા વેચાણ, ગીરો, બક્ષીશ અથવા વારસાઇરૂપે માલિકી હક્ક બદલાય તો તેની જાણ જે તે ઢોરના માલિકે અમદાવાદ મયુનિસિપલ કોર્પોરેશનને કરવા, એ જ પ્રમાણે જો ઢોરનું મરણ થાય તો પણ તેની જાણ તેના માલિકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કરવા સબંધે આમુખ (૨) માં નિર્દીષ્ટ કરેલ હુકમથી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેથી આ બાબતે શહેર વિસ્તારના પશુમાલિકો/પશુપાલકો તેમની અંદાજીત પણે પશુઓની સંખ્યા પશુમાલિક/પશુઓની નોંધણી RFID ચીપ અને ટેગ લગાવ્યાની વિવિધ બાબતોની કામગીરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલ છે. તેમજ અમદાવાદ શહેર વિસ્તારમાં જાહેર સ્થળો તથા રસ્તા પર ઘાસચારાનું વેચાણ કરવા અને જાહેરમાં પશુઓને ઘાસચારો નાખવા તેમજ રાખવા તે સમગ્ર બાબતો પર આમુખ (૧) માં નિર્દીષ્ટ કરેલ હુકમથી જાહેરનામું પ્રસિદ્ધ કરી પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

રખડતા પશુ દ્વારા વાહન ચાલકો,બાળકો,વૃદ્ધોને શિંગડું મારવાથી નુકશાન થવાના બનાવો,ગંદકી, ભયજનક વાતાવરણ ઉભુ કરવા જેવા સમાચારો અવાર-નવાર વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થતા હોય છે. જાહેર

રસ્તા ઉપર પશુઓ છુટા મુકવાના કારણે રસ્તા પર થતો ટ્રાફિક,ન્યુસન્સ,ગંદકી, અકસ્માત, જાનહાનિ તથા ફૂલ–છોડ જેવા પ્લાન્ટેશનને નુકશાન થતુ હોય છે તથા શહેરનાં ગ્રીન પેચ ડેવલપમેન્ટમાં મુશ્કેલી ઉભી થાય છે.

અમદાવાદ શહેર ઝોનના વિવિધ વોર્ડ/વિસ્તારોમાં આવેલી શાળા, મ્યુઝીયમ, કોલેજો, યુનિવર્સિટી, ધાર્મિક સ્થળો, બગીચાઓ, ગાર્ડન, શૈક્ષણિક સંકુલો, હોસ્પીટલો, ઈવેન્ટ્સ બજારો, શાક–માર્કેટ, હોલ, સભાઓ જેવા સ્થળોએ મોટી સંખ્યામાં નાગરિકો ભેગા થતા હોય છે તથા નાગરિકોની મોટી સંખ્યામાં અવર–જવર થતી હોય તેવા સ્થળો જેવા કે, બસ સ્ટેશન, હાઇવે, શાળા–કોલેજ, યુનિવર્સીટી, શાકમાર્કેટ, બજારો, ગાર્ડન, બ્રિજ, રીંગ રોડ, બ્રિજ રેલ્વે ક્રોસીંગ, અંડરપાસ, ચાર રસ્તા જંકશન, નેશનલ હાઇવે, એક્સપ્રેસ વે, એસ.પી.રીંગ રોડ જેવા શહેરમાં વધુ ટ્રાફિક અવર–જવર, ગીચતા ધરાવતા જાહેર સ્થળો, ટ્રાફિકમાં પણ રખડતા પશુઓની સમસ્યા રહે છે. જે દૂર કરવા આવા વિસ્તારોને નો–કેટલ ઝોન તરીકે જાહેર કરવો જરૂરી છે.

અમદાવાદ શહેરમાં ઉત્તર ઝોનમાં આવેલ ડફનાળા સર્કલથી કેન્ટોનમેન્ટ, એરપોર્ટ, એરપોર્ટ સર્કલ, ઇન્દિરાબ્રીજ સર્કલ, કોતરપુર વોટર વર્કસ સહિતના વિસ્તારોમાં શહેરના નાગરિકો, પ્રવાસીઓ, વી.આઇ.પી.,વી.વી.આઇ.પી. રાઉન્ડ ધ ક્લૉક મુવમેન્ટ રહેતી હોય છે. રાજ્યનું પાટનગર ગાંધીનગર અમદાવાદ શહેરથી નજીક હોવાથી આ રસ્તાઓ પર વિવિધ દેશોનાં માન.વડાપ્રધાન, માન.રાષ્ટ્રપતિ તથા માન.પ્રધાનમંત્રીશ્રીના માન–સન્માનમાં રોડ–શૉ, રેલી જેવા અનેકવિધ કાર્યક્રમો મોટી સંખ્યામાં આયોજીત રહેતા હોય છે. તદઉપરાંત વિદેશી નાગરિકો તથા સહેલાણીઓની અવર–જવર પ્રવાસનો આ રૂટ છે. આથી આ સ્થળો પર કેટલ ન્યુસન્સના કારણે કાર્યક્રમોમાં અડચણ,અકસ્માત, ગંભીર ઇજા તથા શહેરની શબી ખરડવાના બનાવો બની શકે તેમ છે. મુખ્યત્વે આ સ્થળો પર રખડતા પશુઓના કારણે ટ્રાફિકની સમસ્યા રહે છે. આ તમામ બાબતો ધ્યાને લઇ ઉત્તર ઝોનમાં ડફનાળા સર્કલથી કેન્ટોનમેન્ટ, એરપોર્ટ, એરપોર્ટ સર્કલ, ઇન્દિરાબ્રીજ સર્કલ, કોતરપુર વોટર વર્કસ સહિતના નીચે જણાવેલ વિસ્તારોને **'કેટલ ફ્રી એરીયા/ નો–કેટલ ઝોન'** તરીકે જાહેર કરવામાં આવે છે.

**–: 'કેટલ ફ્રી એરીયા/નો–કેટલ ઝોન' તરીકે જાહેર કરેલ વિસ્તાર (બાઉન્ડ્રીની વિગત) :–**

**ડફનાળા સર્કલથી કેન્ટોનમેન્ટ, એરપોર્ટ, એરપોર્ટ સર્કલ, ઈન્દિરાબ્રીજ સર્કલ, કોતરપુર વોટર વર્કસ સહિતના વિસ્તારો**

**૧. ઉત્તર દિશા »** કેન્ટોનમેન્ટ–સદર બજાર, સાબરમતી નદીનો કાંઠો, ઇન્દીરાબ્રીજ સુધીનો વિસ્તાર.

**૨. દક્ષિણ દિશા »** એરપોર્ટ સર્કલથી અમદાવાદ ઇન્ટરનેશનલ/ડોમેસ્ટીક એરપોર્ટનો સમગ્ર વિસ્તાર.

**૩. પુર્વ દિશા »** એરપોર્ટ સર્કલથી હાંસોલ તલાવડીથી ઇન્દીરાબ્રીજ સર્કલથી ભીલવાસ ત્રણ રસ્તાથી જોગણી માતાના મંદિરથી કોતરપુર ટર્નિંગથી નોબલ ટી સુધીનો વિસ્તાર.

**૪. પશ્ચિમ દિશા »** શાહીબાગ અંડરબ્રીજથી ડૉ.નાગપાલ દવાખાનાથી ડફનાળાથી એરપોર્ટ સર્કલ સુધીનો વિસ્તાર.

જેથી ઉપર મુજબ જાહેર કરેલ **'કેટલ ફ્રી એરીયા/નો-કેટલ ઝોન'** માં કોઈપણ પશુપાલક/પાશુમાલિક પોતાનું પશુ જાહેરમાં રખડતું મુકી શકશે નહી. જો તેમ કરવામાં આવશે તો જે તે પશુના માલિક વિરુદ્ધ જાહેરનામાના ભંગ સબબ કાનુની કાર્યવાહી કરવામાં આવશે. આ અંગે પોલીસ વિભાગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઢોર ત્રાસ અંકુશ વિભાગ (C.N.C.D.) ના સંકલનમાં રહી આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુદ્ધ કાનુની કાર્યવાહી કરવાની રહેશે.

આ સબંધે આ વિસ્તારમાં વસવાટ કરતા પશુપાલક/પશુમાલિકોને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશના સબંધિત વિભાગે તથા સ્થાનિક પોલીસે જરૂરી સમજ કરવાની રહેશે.

આ આદેશનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## -: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૨૪/૧૨/૨૦૨૨ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી બીજો હુકમ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૩/૧૨/૨૦૨૨ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર સત્યમેવ જયતે

તા.૨૩/૧૨/૨૦૨૨
અમદાવાદ શહેર

( સંજય શ્રીવાસ્તવ )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બૅરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર

(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ–૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂં.